IRS

# એક ટેક્સદાતા તરીકે તમારાં અધિકારો

પ્રકાશન 1

આ પ્રકાશન ટેક્સદાતા તરીકેના તમારાં અધિકારો અને પરીક્ષા, અપીલ, વસૂલાત, અને રીફંડ માટેની પ્રક્રિયાઓ વિશે સમજાવે છે.

## અધિકારોનું ટેક્સદાતા બિલ

### 1. જણાવવાનો અધિકાર

ટેક્સદાતાઓને ટેક્સ કાયદાઓનું પાલન કરવા માટે તેમને શું કરવાની જરૂર છે તે જાણવાનો અધિકાર છે. તેઓ કાયદાઓ અને IRS કાર્યવાહીના તમામ ટેક્સ સ્વરૂપો, સૂચનાઓ, પ્રકાશનો, નોટીસો, અને પત્રવ્યવહારની સ્પષ્ટ સમજણ મેળવવાના હકદાર છે. તેમને તેમના ટેક્સ એકાઉન્ટ વિશે IRSના નિર્ણયની જાણ કરવા અને પરિણામની સ્પષ્ટ સ્પષ્ટતા મેળવવાનો અધિકાર છે.

### 2. ગુણવત્તા સેવાનો અધિકાર

ટેક્સદાતાઓને IRS સાથેના વ્યવહારમાં ઝડપી, નમ્ર અને વ્યવસાયિક સહાયતા મેળવવાનો, તેઓ સરળતાથી સમજી શકે તે રીતે બોલવાનો, IRSથી સ્પષ્ટ અને સરળતાથી સમજવા યોગ્ય સંદેશાવ્યવહાર મેળવવાનો, અને અપૂરતી સેવા વિશે કોઈ સુપરવાઈઝર સાથે વાત કરવાનો અધિકાર છે.

### 3. ટેક્સની સાચી રકમ કરતા વધુ નહીં ચૂકવવાનો અધિકાર

ટેક્સદાતાઓને માત્ર વ્યાજ અને દંડ સહિતના કાયદેસરના બાકી ટેક્સની રકમ ચૂકવવાનો અને IRS દ્વારા તમામ ટેક્સ ચૂકવણીઓ યોગ્ય રીતે લાગુ કરવાનો અધિકાર છે.

### 4. IRSની સ્થિતિને પડકારવાનો અને સાંભળવાનો અધિકાર

ટેક્સદાતાઓને વાંધો ઉઠાવવાનો અને ઔપચારિક IRS કાર્યવાહીઓ અથવા પ્રસ્તાવિત કાર્યવાહીઓના જવાબમાં વધારાના દસ્તાવેજો પૂરા પાડવાનો, એવી અપેક્ષા રાખવાનો કે IRS તેમના સમયસર વાંધા અને દસ્તાવેજોને તાત્કાલિક અને ન્યાયી રીતે ધ્યાનમાં લેશે, અને જો IRSને તેમની સ્થિતિ સાથે સંમત ના હોય તો પ્રતિસાદ મેળવવાનો અધિકાર છે.

### 5. કોઈ સ્વતંત્ર મંચમાં IRSના નિર્ણય પર અપીલ કરવાનો અધિકાર

મોટાભાગના IRS નિર્ણયો પર ટેક્સદાતાઓને ન્યાયી અને નિષ્પક્ષ વહીવટી અપીલ કરવાનો અધિકાર છે, જેમાં ઘણા દંડ સામેલ છે, અને Office of Appeals (ઑફિસ ઓફ અપીલ્સ)ના નિર્ણય અંગે લેખિત પ્રતિભાવ મેળવવા અધિકાર છે. ટેક્સદાતાઓને સામાન્ય રીતે તેમના કેસ કોર્ટમાં લઈ જવાનો અધિકાર હોય છે.

### 6. અંતિમતાનો અધિકાર

ટેક્સદાતાઓને IRSની સ્થિતિને પડકારવાનો મહત્તમ સમય તેમજ IRS દ્વારા કોઈ ખાસ ટેક્સ વર્ષનું ઑડિટ કરવું અથવા ટેક્સ દેવું (debt) એકત્રિત કરવું તેનો મહત્તમ સમય જાણવાનો અધિકાર છે. IRS ઑડિટ ક્યારે સમાપ્ત કરે છે એ જાણવાનો અધિકાર ટેક્સદાતાઓને છે.

### 7. ગુપ્તતાનો અધિકાર

ટેક્સદાતાઓને એવી અપેક્ષા કરવાનો અધિકાર છે કે કોઈપણ IRS પૂછપરછ, પરીક્ષા, અથવા અમલબજવણી કાર્યવાહીમાં કાયદાનું પાલન કરશે અને જરૂર કરતાં વધુ કર્કશ નહીં બને, અને સર્ચ અને સીઝર સુરક્ષા સહિતની તમામ યોગ્ય પ્રક્રિયાઓના અધિકારનો આદર કરશે, અને જ્યાં લાગુ હોય ત્યાં વસૂલાત નિયત પ્રક્રિયા સુનાવણી પૂરી પાડશે.

### 8. ગોપનીયતાનો અધિકાર

ટેક્સદાતાઓને અપેક્ષા કરવાનો અધિકાર છે કે તેઓ IRSને આપેલી કોઈપણ માહિતી ટેક્સદાતા દ્વારા અથવા કાયદા દ્વારા અધિકૃત ના થાય ત્યાં સુધી જાહેર કરવામાં આવશે નહીં. ટેક્સદાતાઓને અપેક્ષા કરવાનો અધિકાર છે કે કર્મચારીઓ, રીટર્ન તૈયાર કરનારાઓ અને અન્ય જે ટેક્સદાતાઓના રીટર્નની માહિતીનો ખોટી રીતે ઉપયોગ કરે અથવા જાહેર કરે તેમની સામે યોગ્ય પગલાં લેવામાં આવશે.

### 9. પ્રતિનિધિત્વ રોકી રાખવાનો અધિકાર

ટેક્સદાતાઓને IRS સાથેના વ્યવહારમાં તેમની રજૂઆત કરવા માટે તેમની પસંદગીના અધિકૃત પ્રતિનિધિને રોકી રાખવાનો અધિકાર છે. ટેક્સદાતાઓ જો તેઓ પ્રતિનિધિત્વ ગુંજાશ ના કરી શકે તો Low Income Taxpayer Clinic (લો ઇન્કમ ટેક્સપેયર ક્લિનિક)ની સહાય લેવાનો અધિકાર છે.

### 10. વાજબી અને એક ન્યાયી ટેક્સ સિસ્ટમ નો અધિકાર

ટેક્સદાતાઓને ટેક્સ સિસ્ટમ તથ્યો અને સંજોગોને ધ્યાનમાં લેવાની અપેક્ષા કરવાનો અધિકાર છે જે તેમના અંતર્ગત જવાબદારીઓ, ચૂકવણી કરવાની ક્ષમતા, અથવા સમયસર માહિતી પૂરી પાડવાની ક્ષમતાને અસર કરી શકે છે. ટેક્સદાતાઓને આર્થિક મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હોય અથવા જો IRS દ્વારા તેના કરના પ્રશ્નો યોગ્ય રીતે અને સમયસર તેની સામાન્ય ચેનલો દ્વારા ઉકેલાયા ના હોય તો Taxpayer Advocate Service (ટેક્સપેયર એડવોકેટ સર્વિસ)ની સહાય લેવાનો અધિકાર છે.

**ધી IRS મિશન**

અમેરિકાના ટેક્સદાતાઓને તેમના ટેક્સની જવાબદારીઓને સમજવામાં અને તેઓને પૂર્ણ કરવામાં અને તમામને પ્રમાણિકતા અને ન્યાયીપણા સાથે કાયદો લાગુ કરવામાં સહાય કરીને ઉચ્ચ ગુણવત્તાની સેવા પ્રદાન કરવી.

Publication 1 (GUJ) (Rev. 9-2017) Catalog Number 74798T Department of the Treasury **Internal Revenue Service** IRS.gov

# તપાસો, અપીલો, વસૂલાતો, અને રીફંડો

## તપાસો (ઓડિટ)

અમે મોટાભાગના ટેક્સદાતાઓના રીટર્ન ફાઇલ કર્યા પ્રમાણે સ્વીકારીએ છીએ. જો અમે તમારાં રીટર્ન વિશે પૂછપરછ કરીશું અથવા તેને તપાસ માટે પસંદ કરીએ છીએ, તો તે આ સૂચન નથી કરતું કે તમે અપ્રમાણિક છો. પૂછપરછ અથવા તપાસ વધુ ટેકસમાં પરિણમી અથવા ના પરિણમી શકે અમે તમારાં કેસને ફેરફાર કર્યા વગર બંધ કરી શકીએ છીએ; અથવા, તમે રીફંડ મેળવી શકો છો.

તપાસ માટે રીટર્ન પસંદ કરવાની પ્રક્રિયા સામાન્ય રીતે બેમાંથી કોઈ એક રીતે શરૂ થાય છે. પ્રથમ, અમે ખોટી રકમ હોઈ શકે તે રીટર્ન ઓળખવા માટે કમ્પ્યુટર પ્રોગ્રામો વાપરીએ. આ પ્રોગ્રામો રીટર્નની માહિતી પર આધારિત હોઈ શકે, જેમ કે ફોર્મ્સ 1099 અને W-2, પાછલી તપાસોના અભ્યાસ પર અથવા અનુપાલન પ્રોજેક્ટ્સ દ્વારા ઓળખાયેલા અમુક મુદ્દાઓ. બીજું, અમે બહારના સ્રોતોની માહિતીનો ઉપયોગ કરીએ છીએ જે સૂચવે છે કે રીટર્નમાં ખોટી રકમ હોઈ શકે છે. આ સ્રોતોમાં છાપાઓ, જાહેર રેકોર્ડ્સ, અને વ્યક્તિઓ સામેલ હોઈ શકે છે. જો અમે નિર્ધારિત કરીએ કે માહિતી સચોટ અને વિશ્વસનીય છે, તો અમે તેનો ઉપયોગ તપાસ માટે રીટર્ન પસંદ કરવા માટે કરી શકીએ છીએ.

પ્રકાશન 556, રીટર્નોની તપાસ, અપીલ અધિકારો અને રીફંડ માટેના દાવાઓ (Publication 556, Examination of Returns, Appeal Rights, and Claims for Refund), નિયમો અને પ્રક્રિયાઓ સમજાવે છે જેનું અમે તપાસોમાં અનુસરણ કરીએ છીએ. નીચેના વિભાગો આપણે તપાસો કેવી રીતે ચલાવીએ છીએ તેની એક ઝાંખી આપે છે.

## મેઈલથી

અમે મેઈલથી ઘણી તપાસો અને પૂછપરછો સંભાળીએ છીએ. અમે તમને વધુ માહિતી માટેની વિનંતી સાથે અથવા તમારાં રીટર્નમાં ફેરફારની જરૂર પડી શકે તેવું અમે માનતા હોઈ કારણ સાથે તમને એક પત્ર મોકલીશું. તમે મેલથી જવાબ આપી શકો છો અથવા તમે પરીક્ષક સાથેની વ્યક્તિગત મુલાકાતની વિનંતી કરી શકો છો. જો તમે અમને વિનંતી કરેલી માહિતીને મેઈલ કરો અથવા કોઈ સમજૂતી પૂરી પાડો, તો અમે તમારી સાથે સંમત થઈ અથવા ના થઈ શકીએ, અને અમે કોઈપણ ફેરફારોનાં કારણો સમજાવીશુ. તમે જે કંઇ સમજી શકતા ના હોવ તેના વિશે અમને લખવામાં કૃપા કરીને અચકાશો નહીં.

## ઈન્ટરવ્યુથી

જો અમે તમને જણાવીએ કે અમે તમારી તપાસ વ્યક્તિગત ઈન્ટરવ્યુથી કરીશું, અથવા તમે આવા ઈન્ટરવ્યુની વિનંતી કરો, તો તમને પૂછવાનો અધિકાર છે કે પરીક્ષા તમને અને IRS બંને માટે અનુકૂળ હોય તેવા વ્યાજબી સમય અને સ્થળ પર લેવામાં આવે. જો અમારો પરીક્ષક તમારાં રીટર્નમાં કોઈ ફેરફાર સૂચવે છે, તો તે અથવા તેણી તમને ફેરફારોનાં કારણો સમજાવશે. જો તમે આ ફેરફારો સાથે સહમત ના હોવ, તો તમે પરીક્ષકના સુપરવાઈઝરને મળી શકો છો.

## તપાસોનું પુનરાવર્તન

જો આપણે પાછલા 2 વર્ષોમાંના કોઈપણમાં એક જ વસ્તુઓ માટે તમારાં રીટર્નની તપાસ કરી હોય અને તમારી ટેક્સની જવાબદારીમાં કોઈ ફેરફાર કરવાની દરખાસ્ત ના કરી હોય, તો કૃપા કરીને શક્ય તેટલી વહેલી તકે અમારો સંપર્ક કરો જેથી આપણે તપાસ બંધ કરવી જોઈએ કે નહીં તે જોઈ શકીએ.

## અપીલો

જો તમે પરીક્ષકના સૂચિત ફેરફારો સાથે સહમત ના હોવ, તો તમે તેમની Appeals Office of the IRS (અપીલ્સ ઑફિસ ઓફ ધ આઈઆરએસ)માં અપીલ કરી શકો છો. મોટાભાગના તફાવતોનું સમાધાન ખર્ચાળ અને સમય માંગનારા અદાલતના ટ્રાયલ્સ વિના થઈ શકે છે. તમારાં અપીલ અધિકારોનું વિગતવાર વર્ણન બંને પ્રકાશન 5, તમારાં અપીલ અધિકારો અને જો તમે સંમત ના હોવ તો વિરોધ કેવી રીતે તૈયાર કરવો જોઈએ (Publication 5, Your Appeal Rights and How To Prepare a Protest If You Don't Agree), અને પ્રકાશન 556, રીટર્નની તપાસ, અપીલ અધિકારો અને રીફંડ માટેના દાવાઓ (Publication 556, Examination of Returns, Appeal Rights, and Claims for Refund)માં વિગતવાર કરવામાં આવ્યું છે.

જો તમે  Appeals Office (અપીલ્સ ઑફિસ)નો ઉપયોગ કરવા માંગતા ના હોવ અથવા તેના તારણોથી અસંમત હોવ, તો તમે તમારાં કેસને U.S. Tax Court, U.S. Court of Federal Claims (યુ.એસ. ટેક્સ કોર્ટ, યુ.એસ.કોર્ટ ઓફ ફેડરલ ક્લેઈમ્સ), અથવા U.S. District Court (યુ.એસ. ડિસ્ટ્રિક્ટ કોર્ટ) કે જ્યાં તમે રહો ત્યાં લઈ જઈ શકો છો.જો તમે તમારાં કેસને કોર્ટમાં લઈ જશો, તો જો તમે તમારી ટેક્સ જવાબદારી બતાવવા માટે, IRS સાથે સહકાર આપતા હોવ, અને કેટલીક અન્ય શરતોને પહોંચી વળશો તો ચોક્કસ તથ્યો સાબિત કરવાનો ભાર IRS પર પડશે. જો કોર્ટ તમારાં કેસમાં મોટાભાગના મુદ્દાઓ પર તમારી સાથે સંમત થાય અને જો આપણી સ્થિતિ મોટા પ્રમાણમાં ગેરવ્યાજબી હતી તેવું લાગે, તો તમે તમારાં કેટલાક વહીવટી અને મુકદ્દમા ખર્ચની વસૂલાત કરી શકશો. તમે અપીલ સિસ્ટમમાંથી પસાર થવા અને તમે અમને કેસને ઉકેલવા માટે આપેલી જરૂરી માહિતી સહિત તમારાં કેસનો ઉકેલ લાવવા તમારાં કેસનો વહીવટી સ્વરૂપેનો પ્રયાસ ના કરો ત્યાં સુધી તમે આ ખર્ચો વસૂલવા માટે પાત્ર બનશો નહીં.

## વસૂલાત

પ્રકાશન 594, IRS કલેક્શન પ્રક્રિયા (Publication 594, The IRS Collection Process), ફેડરલ ટેક્સની ચૂકવણી સંબંધિત તમારાં અધિકારો અને જવાબદારીઓ સમજાવે છે. તે વર્ણવે છે:

- જ્યારે તમારો ટેક્સ બાકી હોય ત્યારે શું કરવું. તે વર્ણવે છે કે જો તમને ટેક્સ બિલ મળે છે તો શું કરવું અને જો તમને લાગે કે તમારું બિલ ખોટું હોય તો શું કરવું. આમાં હપ્તાની ચૂકવણી કરવા, વસૂલાત કાર્યવાહીમાં વિલંબ કરવા અને સમાધાનની ઓફર સબમિટ કરવાનું પણ આવરી લેવામાં આવે છે.
- IRS વસૂલાત કાર્યવાહીઓ તે લીઅન(ધારણાધિકાર)ને આવરી લે છે, લીઅન મુક્ત કરે છે, વસૂલ કરે છે, વસૂલાત, અને વેચાણ કરે છે, અને સંપત્તિ છૂટી કરે છે.
- ગંભીર ફરજ ચૂકવણી ટેક્સ દેવાના State Department (સ્ટેટ ડિપાર્ટમેન્ટ)ને IRSનું પ્રમાણપત્ર, જે સામાન્ય રીતે પાસપોર્ટ અરજીને નકારવામાં પરિણમશે અને પાસપોર્ટને ફોક કરવા તરફ દોરી શકે છે.

પ્રકાશન 1660, કલેકશન અપીલ રાઈટ્સમાં (Publication 1660, Collection Appeal Rights) તમારાં વસૂલાત અપીલ અધિકારોને વિગતવાર સમજાવાયેલ છે.

## નિર્દોષ જીવનસાથી રાહત

સામાન્ય રીતે, તમારાં સંયુક્ત રીટર્ન પર ટેક્સ, વ્યાજ અને દંડ બાકી સંપૂર્ણ રકમ ચૂકવવા માટે તમે અને તમારાં જીવનસાથી બંને જવાબદાર છો. છતાં, જો તમે નિર્દોષ જીવનસાથી રાહત માટે લાયક હોવ, તો તમને અંશ અથવા સંયુક્ત જવાબદારીઓમાંથી છૂટકારો મળી શકે છે. રાહતની વિનંતી કરવા, તમારે ફોર્મ 8857, નિર્દોષ જીવનસાથી રાહત માટેની (Form 8857, Request for Innocent Spouse Relief) વિનંતી ફાઇલ કરવું જ જોઇએ. જીવનસાથી નિર્દોષ રાહત વિશે વધુ માહિતી માટે, પ્રકાશન 971, નિર્દોષ જીવનસાથી રાહત (Publication 971, Innocent Spouse Relief) અને ફોર્મ 8857 (Form 8857) જુઓ.

## સંભવિત ત્રીજા પક્ષ સંપર્કો

સામાન્ય રીતે, IRS સીધો તમારી અથવા તમારાં વિધિવત અધિકૃત પ્રતિનિધિ સાથે ડીલ કરશે. છતાં, કેટલીકવાર અમે અન્ય વ્યક્તિઓ સાથે વાત કરીએ છીએ જો અમને એવી માહિતીની જરૂર હોય જે તમે પૂરી પાડવા માટે અસમર્થ હોવ, અથવા અમને મળેલી માહિતી ચકાસવી હોય. જો અમે અન્ય વ્યક્તિઓ, જેમ કે કોઈ પાડોશી, બેંક, એમ્પ્લોયર અથવા કર્મચારીઓનો સંપર્ક કરીએ, તો અમને સામાન્ય રીતે તેમને મર્યાદિત માહિતી આપવાની જ જરૂર પડશે, જેમ કે તમારું નામ. માહિતી મેળવવા અથવા ચકાસવા માટે જરૂર કરતાં વધારે માહિતી જાહેર કરવા પર કાયદો અમને પ્રતિબંધિત કરે છે. તમારાં કેસમાં કોઈ પ્રવૃત્તિ હોય ત્યાં સુધી અમારે અન્ય લોકોનો સંપર્ક કરવાની જરૂર ચાલુ રહી શકે છે. જો અમે અન્ય વ્યક્તિઓનો સંપર્ક કરીએ, તો તમને સંપર્ક કરાયેલ લોકોની યાદી માટે વિનંતી કરવાનો અધિકાર છે. તમારી વિનંતી ટેલિફોન દ્વારા, લેખિતમાં અથવા વ્યક્તિગત ઈન્ટરવ્યુ દરમિયાન કરી શકાય છે.

## રીફંડો

જો તમને લાગે કે તમે વધારે ટેક્સ ચૂકવ્યો છે તો તમે રીફંડ માટે ક્લેઈમ દાખલ કરી શકો છો. તમારે તમારો અસલ રીટર્ન ફાઇલ કર્યાની તારીખથી 3 વર્ષની અંદર અથવા તમે ટેક્સ ચૂકવવાની તારીખથી 2 વર્ષની અંદર, જે પણ મોડુ હોય, ક્લેઈમ દાખલ કરવું જરૂરી છે. કાયદો સામાન્ય રીતે તમારાં  રીફંડ પર વ્યાજની જોગવાઈ પૂરી પાડે છે જો તમે રીટર્ન ફાઇલ કર્યા અથવા રીફંડ માટે ક્લેઈમની તારીખથી 45 દિવસની અંદર તે ચૂકવવામાં નહીં આવે. પ્રકાશન 556, રીટર્નની તપાસ, અપીલના અધિકારો અને રીફંડ માટે ક્લેઈમ (Publication 556, Examination of Returns, Appeal Rights, and Claims for Refund) વધુ માહિતી ધરાવે છે.

જો તમને રીફંડ મળવાનું હતું પરંતુ તમે રીટર્ન ફાઇલ કર્યું ના હોય તો, તે રીફંડ મેળવવા માટે તમારે રીટર્ન મળવાની તારીખથી (એક્સ્ટેંશન સહિત) સામાન્ય રીતે 3 વર્ષની અંદર તમારે રીટર્ન ભરવું જરૂરી છે.

## Taxpayer Advocate Service (ટેક્સદાતા એડવોકેટ સર્વિસ)

IRSની અંદર TAS એક સ્વતંત્ર સંસ્થા છે જે તમારાં ટેક્સદાતાના અધિકારને રક્ષિત કરવામાં મદદ કરી શકે છે. જો તમારી ટેક્સની સમસ્યામાં મુશ્કેલી ઉભી થાય અથવા તમે પ્રયત્ન કર્યો છે પરંતુ IRS સાથે તમારી સમસ્યા હલ કરવામાં સમર્થ ના હોવ તો અમે તમને મદદ ઑફર કરી શકીએ છીએ. જો તમે અમારી સહાયતા માટે લાયક હોવ, જે હંમેશાં મફત હોય, તો અમે તમને મદદ કરવા શક્ય બધુ કરીશુ. *www.taxpayeradvocate.irs.gov* ની મુલાકાત લો અથવા 1-877-777-4778 પર કૉલ કરો.

## ટેક્સ માહિતી

IRS પત્રકો, પ્રકાશનો અને વધારાની માહિતી માટે નીચેના સ્રોત પૂરા પાડે છે.

- ટેક્સના પ્રશ્નો: 1-800-829-1040 (TTY/TDD માટે 1-800-829-4059)
- પત્રકો અને પ્રકાશનો: 1-800-829-3676 (TTY/TDD માટે 1-800-829-4059)
- ઈન્ટરનેટ: *www.irs.gov*
- Small Business Ombudsman (સ્માલ બિઝનેસ ઑમ્બડ્સમેન): એક લઘુ વ્યાપાર સંસ્થા નિયમનકારી પ્રક્રિયામાં ભાગ લઈ શકે છે અને 1-888-REG-FAIR પર કૉલ કરીને IRSની અમલબજવણી કાર્યવાહી પર ટિપ્પણી કરી શકે છે.
- Treasury Inspector General for Tax Administration (ટ્રેઝરી ઈન્સપેક્ટર જનરલ ફોર ટેક્સ એડમિનિસ્ટ્રેશન): તમે 1-800-366-4484 (TTY/TDD માટે 1-800-877-8339) પર કૉલ કરીને IRS કર્મચારી દ્વારા  કરેલ ગેરરીતિ, બિનજરૂરી, છેતરપિંડી અથવા ગેરવર્તનની ગુપ્ત રીતે જાણ કરી શકો છો. તમે બેનામી રહી શકો છો.